5

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૨/૦૫/૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૨/૦૫/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૬/૦૭/૨૦૨૬ |
| સમય ગાળો | <u>વર્ષ</u> : <u>માસ</u> : <u>દિવસ</u><br>૦૧ ૦૧ ૧૨ |

# ગીરગઢડાનાં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–ગીરગઢડા

| | |
|---|---|
| ક્રિમીનલ કેસ નં.:– | ૪૨૬/૨૦૨૬ |
| ગુના રજી.નં. :– | ૩૦૩/૨૦૨૬ |
| પો.સ્ટે.નું નામ:– | ગીરગઢડા |
| આંક:– | |

**ફરીયાદી** **:** સ ર કા ર

**–– વિરૂધ્ધ ––**

**આરોપીઓ** **:** ફેઝાનભાઈ શબીરભાઈ ચવાણ,
રે.
, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ

––––––––––––––––––––––––––––––––––––––––––––––

**સરકારપક્ષે એ.પી.પી. : એન.જે.જેઠવા**
**આરોપી તરફે વિ.વ.શ્રી : આર.આર.સોલંકી**

––––––––––––––––––––––––––––––––––––––––––––––

**ગુનો :** **<u>ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧ મુજબ...</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ :– | ૧૫/૦૩/૨૦૨૫ |
| એફ.આઇ.આર. તારીખ :– | ૧૫/૦૩/૨૦૨૫ |
| ચાર્જશીટ તારીખ :– | ૧૬/૦૫/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ :– | ૧૧/૧૧/૨૦૨૫ |
| પુરાવા શરૂ કર્યા તારીખ :– | ૦૯/૦૪/૨૦૨૬ |
| ચુકાદા પર લેવા માટેની તારીખ :– | ૧૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ :– | ૦૬/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ :– | – |

## –:: આરોપીની વિગત ::–

| આરોપી નં. | આરોપી નામ | અટક તારીખ | જામીન મુકત કર્યાની તારીખ | આક્ષેપાયેલ ગુનાની વિગત | નિર્દોષ / દોષીત | આપવા માં આવેલ સજા | ફો.કા.સં.કલમ–૪૨૮ અન્વયે ઈ.કા. ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયત નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મંગળદાસ નારણભાઈ સંઘાણી | ૧૫/૦૩/૨૫ | ૧૫/૦૩/૨૫ | બી.એન.એસ. ની કલમ–૨૮૧ | નિદોર્ષ | – | – |

### (૧) પ્રસ્તાવના :–

આ કામના આરોપી વિરૂધ્ધ તારીખ : ૧૫/૦૩/૨૦૨૫ ના રોજ ગીરગઢડા પોલીસ સ્ટેશન પાર્ટ ફ. ગુના રજી. નં.૧૭૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહીતા ની કલમ–૨૮૧ મુજબનો ગુનો નોંધાયેલ છે.

### (૨) ફરીયાદની ટુંકમાં હકીકત :–

ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧ ૫/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૮:૫૦ વાગ્યે ગીરગઢડા દ્રોણ ચોકડી પાસે પોતાના હવાલાવાળી મોટર સાયકલ જેના રજી.નં.જીજે–૧૧–આર–૯૬૮૨ પર સરીયામ જાહેર રસ્તા પર પોતાની તથા અન્ય માણસોની જીંદગી જોખમમાં મુકાય તેમજ માણસોને વ્યથા કે હાની થવાનો સંભવ હોય એવી રીતે પુરપાટ ઝડપે અને બેદરકારીથી ચલાવી મળી આવી ગુનો કરી પાર્ટ ફ. ગુના રજી. નં.૧૭૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧ મુજબનો ગુનો નોંધેલ અને તપાસના અંતે ત. ક. અ. એ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

### (3) કેસની કાર્યવાહી

ફરીયાદીની ફરીયાદના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૧૯૩ અન્વયે અત્ર ેની અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ કામના આરોપી જામીન મુકત હોય, અત્રેની કોર્ટને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૧૦ અન્વયે કોગ્નીઝન્સ લેવાની સત્તા હોય, આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપી હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધનો ગુનો સમન્સ ટ્રાયેબલ હોય આરોપીને ગુનાની હકીકતોને વાંચી સંભળાવી, સમજાવી આરોપી વિરૂધ્ધ આંક–૦૩ પ્લી નોં ધવામાં આવેલી. આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવાની વિનંતી

કરેલી તેથી ફરીયાદપક્ષ તરફે કેસ આગળ ચલાવેલ છે.

(૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધ ગુનો પુરવાર કરવા માટે કેવો અને કેટલા પ્રકારનો પુરાવો રજુ કરેલ છે તેનો ઉલ્લેખ કરવો આવશ્યક છે જે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**-: ફરીયાદ પક્ષના સાક્ષીઓની જુબાનીનો આંક:-**

| ક્રમ | નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ભરતભાઈ કાંતીલાલ નોતરીયા | પંચ સાહેદ | ૦૫ |
| ૨ | પારસભાઈ રમેશભાઈ પરમાર | પંચ સાહેદ | ૦૭ |
| ૩ | ધીરેન્દ્રસીંહ જસાભાઈ સીંધવ | ત.ક.અ. | ૦૮ |

**-: દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ:-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીનુ અટક પંચનામું | ૦૬ |
| ૨ | ફરીયાદ | ૦૯ |
| ૩ | એફ.આઈ.આર. | ૧૦ |

(૬) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ -૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. સદર કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનું થયેલ ત્યારે સ્ટેટ ઓફ પંજાબ વિ. હરિસિંહ અને બીજા એ.આઇ.આર. ૨૦૦૯, સુપ્રિમ કોર્ટ ૧૯૬૬ માં સ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં આરોપીનું વિશેષ નિવેદન કોર્ટ રૂબરૂ નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને તેઓ સામે હાલનો ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે, જયારે સોંગદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવા પણ ઈન્કાર કરેલ છે. આમ, બચાવપક્ષે તેઓના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ઉભયપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૭) ઉપરોકત હકીકતના આધારે ફરીયાદપક્ષનો કેસ, આરોપીઓનો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાનમાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થયેલ છે.

::- મુદ્દાઓ -::

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૫/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૮:૫૦ વાગ્યે ગીરગઢડા દ્રોણ ચોકડી પાસે પોતાના હવાલાવાળી મોટર સાયકલ જેના રજી.નં.જીજે-૧૧ -આર-૯૬૮૨ પર સરીયામ જાહેર રસ્તા પર પોતાની તથા અન્ય માણસોની જીંદગી જોખમમાં મુકાય તેમજ માણસોને વ્યથા કે હાની થવાનો સંભવ હોય એવી રીતે પુરપાટ ઝડપે અને બેદરકારીથી ચલાવી મળી આવી ગુનો કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

-: કા ર ણો :-

**(૯)મુદા .૧, ૨ :-**

**(૯.૧) પંચસાહેદ:-**

વધુમાં સદર કામે પંચ સાહેદ ભરતભાઈ કાંતીલાલ નોતરીયા ને આંક-૦૫ થી તથા પંચ સાહેદ પારસભાઈ રમેશભાઈ પરમાર ને આંક-૦૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓની પોલીસે એક તૈયાર કાગળમાં સહી લીધેલી. પંચનામામાં સહી ઓળખી બતાવે છે. જે આરોપીનું અટક પંચનામા ને આંક-૦૬ આપવામાં આવે છે. પંચનામાની વિગતો જાણતા નથી.

(૯.૨) આમ, સદર પંચસાહેદ ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીનાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. જયારે સદર પંચ સાહેદની આરોપીઓ દવારા ઉલટ તપાસ માં એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે તેમની એક તૈયાર પંચનામામા સહી લીધેલ.

**(૯.૩) ત.ક.અ. :-**

ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામમાં ત.ક.અ. ધીરેન્દ્રસીંહ જસાભાઈ સીંધવ નાઓને આંક-૦૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં

જણાવે છે કે,''ગતા. તા.૨૯/૦૪/૨૦૨૬ ના રોજ હું તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન રામેશ્વર પેટ્રોલપંપ આગળ ગીરગઢડાથી ઉના તરફ જતા જાહેર રોડ ઉપરથી એક મોટર સાયકલ ચાલક પુર ઝડપે અને બેદરકારીથી માણસોની જીંદગી જોખમાય તે રીતે મોટર સાયકલ ચલાવીને આવતો હોય તેને રોકી પંચો રૂબરૂ તેનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ ફેજાન સબીરભાઈ ચવાણ હોવાનુ જણાવેલ અને મોટર સાયકલ પુર જડપે ચલાવવાનું કારણ પુછતા તે કોઈ હકીકત જણાવતો ન હોય જેથી પંચો રૂબરૂ તેમની હોન્ડા કંપનીની એસ્ટ્રીમ જેના રજી. નં.જીજે–૩૨–એજે–૦૧૨૧ વાળી હવાલે લીધેલ તેમજ આ ઇસમને અટક કરેલ અને તે અંગેનું પંચો રૂબરૂ વિગતવારનું પંચનામું કરેલુ. મને આજરોજ કોર્ટ ફાઇલમાંથી આંક–૬. વાળુ પંચનામું બતાવવામાં આવે છે તે તે જ છે જેમાં પંચોની તથા મારી સહી છે જે હું ઓળખી બતાવું છુ. બાદમા આ બનાવ બાબતે મે આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલી. મને આજરોજ કોર્ટ ફાઇલમાંથી એક અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે તે જ છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવી આંક–૯ થી રજુ કરેલ છે. આ ફરીયાદ આપતા પી.એસ.ઓ. મંજુલાબેન ડાભીએ ગુન્હો રજીસ્ટર લઈ તપાસ અમોને સોપવાનો હુકમ કરતા અમોએ તપાસ સંભાળેલી. મને આજરોજ કોર્ટ ફાઇલમાંથી એક અસલ એફ.આઇ.આર. બતાવવામાં આવે છે તે તે જ છે જેમાં પી.એસ.ઓ. મંજુલાબેન ડાભીની સહી છે જે ઓળખી બતાવી આંક–૧૦ થી રજુ કરેલ છે. તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલુ. આરોપીને ઓળખી બતાવે છે. ''

**(૯.૪)** જયારે સદરહુ ત.ક.અ.ની આરોપીઓ દવારા ઉલટ તપાસ કરતા જણાવેલ છે કે, '' એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે. એ વાત ખરી છે કે આરોપીની ઓળખ અંગે કે વાહનની માલીકી અંગેના કોઇ દસ્તાવેજો મે જોયેલા નહી કે મેળવેલા નહી. એ વાત ખરી છે કે વાહન કેટલી સ્પીડમાં ચાલતુ હતુ એ હું ચોકકસ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામામાં પંચોની સહી લીધેલ છે. એ વાત ખરી નથી કે અમારા ઉપરી અધિકારીના કહેવાથી અકસ્માતના કેસોની ઝુંબેશ ચાલતી હોય જેથી ખોટી ફરીયાદ કરેલ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા ન હોવા ખોટું ચાર્જશીટ દાખલ કરેલ છે.''

(૧૦) આમ, ફરીયાદપક્ષે ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા જોઈએ.

**કલમ–૨૮૧ :–**

ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧ મુજબનો સરીયામ રસ્તા ઉપર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ જાહેરમાં રસ્તા ઉપર વાહન ચલાવેલ છે.

૨. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવેલ છે.

૩. જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

**(૧૧)** આમ, ઉપરોકત ગુનાના આવશ્યક તત્વો ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ. ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓનું વિશ્લેષણ કરતાં આ કામના ત.ક.અ.ને આં ક–૦૮ થી તપાસવામાં આવેલ છે. જેઓએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે પરંતુ આં ક–૦૯ ના પંચનામાના પંચોએ કેસને સમર્થન કરેલ નથી. જેથી બનાવ સમયે આરોપી જે ગુનામાં સંડોવાયેલ વાહન ચલાવતા હોય તેવુ જણાય આવતુ નથી. આમ, આરોપી પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી ચલાવતા હોય અને જેના કારણે કોઈની જીંદગી જોખમાય તે રીતે આરોપી વાહન ચલાવતા હોય તે હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી. સદર કામે તપાસાયેલ બંને પંચ સાહેદો પણ પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય જેથી બનાવ કેવી રીતે બનેલ અને તેમાં કોની બેદરકારી હતી તે સ્પષ્ટ થયેલ નથી. આ કામના આક્ષેપીત ગુનાની કલમના મહત્વના તત્વોમાં બેફામ પણે અથવા બેદરકારી પૂર્વક કરવામાં આવેલ કૃત્ય છે અને તેવો નિષ્કર્ષ આપવામાં આવે તો જ આ કલમ લાગુ પડી શકે અને વધુમાં ગુનામાં રાખવામાં આવેલી બેદરકારીના તત્વો માટે અનુમાન કરી શકાય નહી પરંતુ બેદરકારી પુરવાર થવી જોઈએ આ કામે રજુ થયેલ પુરાવાં ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષે આરોપીનો ગુનો કરવાનો ઈરાદો સાબીત કરવો જોઈએ. જાહેર માર્ગ ઉપર માનવ જીંદગી જોખમાય અથવા કોઈને ઈજા થાય તેવી સંભાવના હોય તથા વાહન ચાલક પોતાનું વાહન બેદરકારી પૂર્વક કે, બેફામપણે ચલાવતા હતાં તેટલી હકીકત પુરવાર થાય તો જ કલમ–૨૮૧ હેઠળનો ગુનો સાબિત થયો ગણાય. આ કામે આરોપીએ બેફિકરાઈ, બેદરકારી અને ગફલતથી વાહન ચલાવેલ હોય તેવું પુરવાર થતું નથી. આમ આ કામે પુરતાં પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. અને પુરતા પુરાવાનો અભાવ હોય ત્યારે તે સંજોગોમાં આરોપીને સજા કરી શકાય નહી તેમ મારું નમ્ર પણે માનવું છે. તેથી આરોપી પોતાનું વાહન પુર ઝડપે ચલાવતા હતાં તે હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ નથી. અને આરોપીની રેસ એન્ડ નેગ્લીજન્સી નિ:શંકપણે સાબીત થયેલ નથી. અને તે સં જોગોમાં આરોપી તથા અન્ય માણસોની જીંદગી જોખમમાં મુકાય તેમજ માણસોને વ્યથા

કે હાની થવાનો સંભવ હોય એવી રીતે પુરપાટ ઝડપે અને બેદરકારીથી ચલાવી ગુન્હો કરેલ તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના **આરોપી ફેઝાનભાઈ શબીરભાઈ ચવાણ,, રે.નવાબંદર, તા.ઉના, જિ.ગીરસોમનાથ** નાઓને ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ સંભવિત અપીલના હેતું માટે આરોપીના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો છ માસના સમયગાળા માટે અસ્તિત્વમાં રહેશે. ત્યારબાદ આરોપીના જામીન રદ કરી જામીનદારને મુકત કરવા.

હુકમ આજ તારીખ**: ૦૬ –મી માહે– જુલાઈ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૬ /૦૭/૨૦૨૬
ગીરગઢડા

**(એચ.એમ.વૈષ્ણવ)**
જયુડી.મેજીસ્ટ્રેટ (ફ.ક.)
ગીરગઢડા (જીજે–૦૧૫૩૦)